ક્રમાંક : ED/MIS/e-file/3/2022/2455/G-1
ગુજરાત સરકાર,
બ્લોક નં.૫/૭, શિક્ષણ વિભાગ,
સરદાર ભવન, સચિવાલય,
સેક્ટર-૧૦, ગાંધીનગર
ફો.નં. ૦૭૯-૨૩૨-૫૧૩૪૧
E-mail: so-g1-edu@gujarat.gov.in

પ્રતિ,
નિયામકશ્રી,
શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,
ગાંધીનગર.૩૮૨૦૧૦

વિષય : વ્યવસાયલક્ષી પ્રવાહના લઘુલાયકાત ધરાવતા શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા બાબતનો વિભાગનો તા.૨૪-૦૧-૨૦૨૪ નો ઠરાવ સ્થગિત કરવા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે બિનસરકારી ગ્રાન્ટેડ સંસ્થાના વ્યવસાયલક્ષી પ્રવાહના લઘુલાયકાત ધરાવતા શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે તા.૨૪-૦૧-૨૦૨૪, ક્રમાંક : ED/MIS/e-file/3/2022/2455/G-1 ઠરાવ પ્રસિધ્ધ કરેલ. નીચેની વિગતે આ ઠરાવનો અમલ આગામી સૂચના ન મળે ત્યાં સુધી સ્થગિત રાખવા નિર્ણય કરવામાં આવે છે.

- બિનસરકારી ગ્રાન્ટેડ સંસ્થાના વ્યવસાયલક્ષી પ્રવાહના લઘુલાયકાત ધરાવતા શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણ અંગેના વિભાગના તા.૨૪-૦૧-૨૦૨૪ ના ઠરાવમાં કેટલીક વિસંગતતા ધ્યાને આવેલ છે. જેવી કે કેટલાક વ્યવસાયલક્ષી પ્રવાહના લઘુલાયકાત ધરાવતા શિક્ષકોની માહિતી વિભાગને મળેલ નથી, તેથી તેવા શિક્ષકોના નામોનો ઉક્ત તા.૨૪-૦૧-૨૦૨૪ના ઠરાવમાં સમાવેશ થઇ શકેલ નથી. વિભાગને મળેલ પત્રક સ્વરૂપની માહિતીના આધારે તા.૨૪-૧-૨૪ના ઠરાવ સાથેના પત્રકોમાં રજૂ થયેલ કેટલાક શિક્ષકના નામો એક કરતા વધુ વખત રીપીટ થયેલ છે.
- રાજ્યના તમામ વ્યવસાયલક્ષી શિક્ષકો પૈકી જે શિક્ષકના નામ બાકી રહેલ છે તેવા શિક્ષકોના નામોની અદ્યતન વિગતો નાણાકીય ભારણ સહિત વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૪ ના ઠરાવની ૭ શરતો નક્કી કરેલ છે તે મુજબ યોગ્ય શરતમાં શિક્ષકના નામ રીપીટ ન થાય તે રીતે યોગ્ય પ્રકારે ચકાસણી કરીને વિભાગને મોકલી આપવા જણાવવામાં આવે છે.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને “હવે પછી કોઇપણ શિક્ષકના નામો મોકલવાના બાકી રહેતા નથી તે સબબનું પ્રમાણપત્ર” ખાતાના વડાએ પ્રમાણીત કરી વિભાગને રજૂ કરવાનું રહેશે.
- ઉક્ત માંગ્યા મુજબની માહિતી અત્રે મોકલ્યા બાદ આખરી નિર્ણય કરવામાં આવશે, પરંતુ નિર્ણય થઇ ગયા બાદ કોઈ શિક્ષકનું નામ ધ્યાને લેવામાં આવશે નહી તેમજ બાદમાં જે કક્ષાએથી નામ રજૂ કરવામાં નહી આવેલ હોય અથવા ખોટી માહિતી રજૂ કરેલ હોવાનું ધ્યાને આવશે તો જે તે સંબંધિતો વિરુદ્ધ શિસ્ત-વિષયકની કાર્યવાહી કરવામાં આવશે.

Signature Not Verified
Signed by:Dineshkumar kaljibhai gam
Section Officer
Date: 2024.02.07 17:51:31 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- આથી, ઉક્ત માહિતી આપની કક્ષાએથી સંપૂર્ણ પણે ચકાસી અત્રે રજૂ કરવામાં આવે તેની ખાસ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

(ડી.કે.ગામેતી)

સેકશન અધિકારી

શિક્ષણ વિભાગ

Signature Not Verified
Signed by:Dineshkumar kaljibhai gam
Section Officer
Date: 2024.02.07 17:51:31 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign